**રે.દિ.મુ.નં. ૧૨/૨૦૨૦**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

રેકર્ડ વંચાણે લેતા, સદરહું કામે રેકર્ડ વંચાણે લેતાં સદર કામ છેલ્લાં ઘણાં સમયથી પ્રતિવાદી નં–૧/૪ ના વારસો લાવવા પર હોય પરંતુ એકયાબીજા કારણોસર આજદિન સુધી વાદી દ્વારા વારસો રેકર્ડ પર લાવેલ નથી. ગઈ મુ.તા. ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ વાદીને સદર પ્રતિવાદીનો વારસો રજુ રાખવા માટે છેલ્લી તર આપી મુદ્દત અરજી મંજુર કરેલ. આજ રોજ પણ વાદીના વિ.વ.શ્રી હાજર છે અને મુદ્દત અરજી રજુ રાખી મુદ્દત માંગણી કરતા હોય પરંતુ વાદીને પુરતી તકો આપવાં છતાં પણ સદર પ્રતિવાદીનો વારસો રજુ રાખવા કોઈ દરકાર લીધેલ નથી. વધુમાં સદર કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન મુજબ ઓલ્ડ કેટેગીરીમાં આવતો હોય વધુ તક આપવી યોગ્ય જણાઈ આવતી ન હોય આજરોજ રજુ રાખેલ મુદ્દત અરજી નામંજુર કરવામાં આવે છે. અને સદર કામના વાદીને હાલનો દાવો આગળ ચલાવવામાં કોઈ રસ નથી તેવું જણાઈ આવતું હોય ત્યારે ઉપરોકત હકીકતે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા, વાદીનો સદરહુ દાવો કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬
ધંધુકા

**(વાય.આઈ.શેખ)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ**
**ધંધુકા**